# ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મ જયંતી વર્ષ
# જનજાતિય ગૌરવ દિવસ-2024

નિમિત્તે

**આદિજાતિ વિકાસ વિભાગ, નવા સચિવાલય- ગાંધીનગર,**
**કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન- ગાંધીનગર**
**ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, બિરસા મુંડા ભવન- ગાંધીનગર**
**જિલ્લા કલેક્ટરશ્રીની કચેરી- બનાસકાંઠા અને પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી- બનાસકાંઠા**

સંયુક્ત ઉપક્રમે આયોજિત

# "આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ-2024"

## કાર્યક્રમનો અહેવાલ

તા.10-11 ડિસેમ્બર, 2024

અહેવાલ લેખન- ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી- ગાંધીનગર




કાર્યક્રમનું સ્થળ

હેલીપેડ ગ્રાઉન્ડ, અંબાજી, જી.બનાસકાંઠા

# "આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ-2024"

## કાર્યક્રમનો અહેવાલ




ઉદ્ઘાટન સેશન

'ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મ જયંતી વર્ષ' અને 'જનજાતિય ગૌરવ દિવસ-2024' નિમિત્તે તા.10-11 ડિસેમ્બર, 2024 દરમિયાન આદિજાતિ વિકાસ વિભાગ-ગાંધીનગર, કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ-ગાંધીનગર, ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી-ગાંધીનગર, કલેકટર કચેરી, પાલનપુર (જિ.બનાસકાંઠા) અને પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, પાલનપુર (જિ.બનાસકાંઠા) સંયુક્ત ઉપક્રમે "આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ-2024" અંતર્ગત 'આદિજાતિ વિકાસ ગાથા, સ્વાવલંબન અને ગૌરવપૂર્ણ સાંસ્કૃતિક પ્રદર્શન' કાર્યક્રમ હેલીપેડ ગ્રાઉન્ડ, અંબાજી, જી.બનાસકાંઠા ખાતે યોજાઈ ગયો.




તા.10 ડિસેમ્બર, 2024 ના રોજ અંબાજી ખાતે આવી પહોંચેલ 'અમૃત કુંભ મહોત્સવ રથ' નું સ્વાગત આદિજાતિ કેબિનેટ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડીંડોરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ રથનો શુભારંભ માન.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આહવા, જી.ડાંગ ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાના 'ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મ જયંતી વર્ષ' અને 'જનજાતિય ગૌરવ દિવસ'ની ઉજવણી નિમિત્તે 'અમૃત કુંભ મહોત્સવ રથ'નું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ રથ મારફત આદિવાસી વિસ્તારના 14 જિલ્લા અને 54 તાલુકાઓમાં ફરીને આદિવાસી સમુદાયના લોકોને સરકારી યોજનાઓ અંગે માહિતગાર અને જાગૃત કરવામાં આવ્યા છે તેમજ યોજનાકીય લાભનું વિતરણ પણ કરવામાં આવ્યું છે. આજે આ 'અમૃત કુંભ મહોત્સવ રથ'ના માધ્યમથી છેલ્લા 26 દિવસથી પ્રચાર-પ્રસારનુ કામ કરવામાં આવી રહ્યું છે, જેમાં દરેક સ્થળે હજારોની સંખ્યામાં આદિવાસી લોકો યોજનાકીય સમજ આપવામાં આવી છે. આજે ડો.કુબેરભાઈ ડીંડોરના હસ્તે આ રથના માધ્યમથી કરવામાં આવેલ પ્રચાર-પ્રસારની પૂર્ણાહુતિ કરવામાં આવી રહી છે.

'આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ - 2024' કાર્યક્રમનો પ્રારંભ ભગવાન બિરસા મુંડા, ભારત માતા અને આદિવાસી દેવી-દેવતાઓના પૂજન દ્વારા કરવામાં આવ્યો. ત્યારબાદ આ કાર્યક્રમમાં ઉપસ્થિત અધ્યક્ષશ્રી, મહાનુભાવો,મહેમાનો, સ્થાનિક આગેવાનો વગેરેનો જિલ્લા કલેક્ટરશ્રી, પ્રાયોજના વહીવટદારશ્રી અને પદાધિકારીશ્રીઓ દ્વારા સૌ મહાનુભાવોનું મોમેન્ટો અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. બનાસકાંઠા જિલ્લાના ગરાસીયા ભીલ આદિવાસી સમુદાયનું હોળી નૃત્ય (ઢોલ નૃત્ય) રજૂ કરીને સૌ મહાનુભાવોનું સ્વાગત અને આવકાર આપવામાં આવ્યો હતો.



આ કાર્યક્રમના અધ્યક્ષશ્રી અને આદિજાતિ કેબિનેટ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડીંડોર સાહેબે અધ્યક્ષીય ઉદબોધન આપતા જણાવ્યું કે ભારત દેશના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે વર્ષ 2021 થી 15 મી નવેમ્બરને 'જનજાતિય ગૌરવ દિવસ' મનાવવાનો પ્રારંભ કરેલ છે. 15 મી નવેમ્બર એટલે ભગવાન બિરસા મુંડાનો જન્મ દિવસ. ભગવાન બિરસા મુંડાના જન્મ દિવસને માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા જનજાતિય ગૌરવ દિવસ તરીકે ઉજવવાની શરૂઆત કરીને ભગવાન બિરસા મુંડાના કાર્યોને સાચી શ્રદ્ધાંજલિ આપી છે. 'જનજાતિય ગૌરવ દિવસ'ની ઉજવણીની શરૂઆત કરીને છેલ્લા ચાર વર્ષથી આદિજાતિ સમુદાયના ભાઈઓ-બહેનોને આદિવાસી અસ્મિતા અને ગૌરવ પ્રત્યે સન્માન અપાવ્યું છે.

ડો.કુબેરભાઈ ડીંડોરે પોતાનું પ્રવચન આપતા વધુમાં જણાવ્યું કે આદિજાતિ સમુદાયના લોકોનો સર્વાંગી વિકાસ કરવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની દીર્ઘદ્રષ્ટિ અને આદિજાતિ મંત્રાલય (ભારત સરકાર) દ્વારા વર્ષ -2023માં 'પીએમ-જનમન' અને વર્ષ'-2024માં 'ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ યોજના' લોન્ચ કરીને આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટેના કાર્યોને નવી દ્રષ્ટિ અને ધ્યેય પુરા પાડ્યા છે. 'પીએમ-જનમન' યોજના દ્વારા આદિવાસી સમુદાયમાં અતિ પછાત એવા આદિમ જૂથના ભાઈઓ-બહેનોના સર્વાંગી વિકાસ માટે અને 'ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ યોજના'



દ્વારા ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરતા આદિવાસી સમુદાયના લોકોના સર્વાંગી વિકાસ માટેની નવા અને ઊચા ધ્યેયો સાથે પ્રયત્નો શરૂ કર્યા છે. માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા આહવા, જિ.ડાંગ ખાતેથી




'અમૃત કુંભ મહોત્સવ રથ'નો શુભારંભ કરાવીને, આજે આ રથ 14 આદિવાસી જિલ્લાઓ અને 54 આદિવાસી તાલુકાઓમાં ફરીને આદિવાસી સમુદાયના હજારો લોકોને સરકારી યોજનાઓ અંગેની માહિતી પહોંચાડીને જાગૃત કર્યા છે અને યોજનાકીય લાભનું સીધું વિતરણ પણ કરવામાં આવ્યું છે. આજે આદિવાસી વિદ્યાર્થીઓ શૈક્ષણિક ક્ષેત્રે સર્વાંગી વિકાસ સાધી શકે તે માટે નવી નવી યોજનાઓ શરૂ કરવામાં આવી રહી છે અને લાભોના ધોરણમાં સુધારા વધારા કરવામાં આવી રહ્યા છે. આજે રવિ કૃષિ મહોત્સવ-2024 અંતર્ગત આદિવાસી ખેડૂતો - પશુપાલકો માટેની યોજનાઓ અંગે જાગૃત કરીને સીધી સહાયનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આમ, સરકાર દ્વારા સતત આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટેના પ્રયાસો થઈ રહ્યા છે.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી મિહિરભાઈ પટેલ, પ્રાયોજના વહીવટદાર શ્રીમતિ દેવાહુતિ, ટી.આર.આઈ.ના ડાયરેક્ટર ડો. સી. સી. ચૌધરી, આદિજાતિ મોરચાના અધ્યક્ષશ્રી અર્જુનભાઈ ચૌધરી, મહામંત્રીશ્રી અભિષેકભાઈ મેડા, આદિજાતિ મોરચાના મહામંત્રી (ગાંધીનગર)શ્રી રઘુવીરસિંહ દામા તેમજ આદિજાતિ મોરસા મંત્રીશ્રીઓ અને સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી અને પાટણ થી 4,000 થી વધારે આદિવાસી સમુદાયના ભાઈઓ-બહેનો, યુવાનો અને આદિવાસી વિદ્યાર્થીઓ જોડાયા હતા.





આ મહોત્સવમાં ઉપસ્થિત રહેલ આદિવાસી લાભાર્થી ભાઈઓ-બહેનોને વિવિધ સરકારી યોજનાઓની સહાયના લાભનું વિતરણે કરવામાં આવ્યું હતું. આદિવાસી રમત વીરો અને વિદ્યાર્થીને એવોર્ડ અને વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વ્યક્તિઓને પ્રશસ્તિ પત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.




આ કાર્યક્રમમાં આદિજાતિ કેબિનેટ મંત્રીશ્રી ડો.કુબેરભાઈ ડીંડોર, મહાનુભાવો, મહેમાનો અને પદાધિકારીઓએ વિવિધ સ્ટોલોની મુલાકાત લીધી હતી. આ પ્રદર્શનમાં આદિવાસી હસ્તકલા-કૃતિ, ટ્રાઇબલ મિલેટ્સ, વિવિધ કૃષિ વિકાસની ટેકનોલોજી, પ્રાકૃતિક ખેતીના બીજ, જનસેવા કેન્દ્રની સેવાઓ, મેડિકલ સેવાઓ અને ટેકનિકલ બાણના સ્ટોલોનો સમાવેશ થાય છે. આ મહાનુભાવોએ તમામ સ્ટોલોની મુલાકાત લઈને આદિવાસી હસ્ત કલાકારો, વૈદુ-ભગતો, આદિવાસી ખેડૂતો, અધિકારીઓ વગેરેને પ્રોત્સાહિત કર્યા હતા.

## સેમિનાર સેશન



તા.10 ડિસેમ્બર, 2024 ના રોજ પ્રથમ દિવસના સેમિનાર સત્રમાં ટી. આર. આઈ. નિયામકશ્રી ડો.સી.સી. ચૌધરીએ પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું કે બિરસા મુંડા કોણ હતા? તેમને શા માટે ભગવાન તરીકેનો દરજ્જો આપવામાં આવે છે. તેમણે ભગવાન બિરસા મુંડાનો પરિચય, જન્મ, શિક્ષણ, કાર્યો, યોગદાન વગેરે અંગેની વાત કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે બિરસા મુંડા ધોરણ-2 માં પોતાની ગામની શાળામાં અભ્યાસ કરતા હતા. તે દરમિયાન શાળાના એક શિક્ષકે તેનું જ્ઞાન અને કુશળતાને પારખીને, તેમના માતા-પિતાને બોલાવીને, બિરસા મુંડાને અંગ્રેજી માધ્યમની શાળામાં ભણાવવા માટેનું સૂચન કરે છે. આ સ્કૂલ ઈસાઈ ધર્મની હોય છે. આ શાળામાં દાખલ થવા માટે ઈસાઈ ધર્મ અંગીકાર કરવો પડે છે. તેઓએ ઈસાઈ ધર્મ અંગીકાર કરીને આગળનું શિક્ષણ ઈસાઈ ધર્મની શાળામાં મેળવે છે. બિરસા મુંડાએ શિક્ષણ મેળવ્યા બાદ જ્યારે તેમને એવું લાગે છે કે ઈસાઈ ધર્મના લોકો આદિવાસી સમુદાયના લોકોનું ધર્મ પરિવર્તન કરી રહ્યા છે, ત્યારે તેઓ તેમનો વિરોધ કરે છે. બિરસા મુંડા આદિવાસી લોકોને જાગૃત કરીને ઈસાઈ ધર્મમાંથી હિન્દુ ધર્મમાં લાવવા માટેના પ્રયત્નો કરે છે. ઈસાઈ ધર્મની મિશનરીઓ દ્વારા તેમના વિરુદ્ધ ફરિયાદ કરીને પકડવામાં આવે છે અને અંગ્રેજો દ્વારા તેમને જેલની સજા ફરમાવવામાં આવે છે. જેલની સજા



ભોગવ્યા બાદ (છુટીને) ફરી બિરસા મુંડા અંગ્રેજો, શાહુકારો અને જમીનદારો દ્વારા થતા અત્યંત ક્રૂર અત્યાચાર, અન્યાય અને શોષણ સામે અવાજ ઉઠાવે છે. આમ, બિરસા મુંડા સતત અંગ્રેજો, શાહુકારો અને જમીનદારો સામે લડત લડતા રહે છે, વિદ્રોહ કરતા રહે છે.

આ ઉપરાંત બનાસડેરીના અધિકારીશ્રીએ ‘ડેરી ટેકનોલોજી’, આઈટીઆઈ કુંભારિયાના પ્રિન્સિપાલશ્રીએ ‘ટ્રેનિંગ ફોર ટ્રાઇબલ યુથ’ અને પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી (આત્મા પ્રોજેક્ટ)એ ‘નેચરલ ફાર્મિંગ’ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.



તા.11 ડિસેમ્બર, 2024 ના રોજ 'આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ-2024' કાર્યક્રમના બીજા દિવસના અધ્યક્ષશ્રી ટી.આર.આઈ. નિયામકશ્રી ડો. સી. સી. ચૌધરી હતા. તેમણે પોતાનું અધ્યક્ષીય ઉદબોધનમાં 'ભગવાન બિરસા મુંડાનું જીવન અને યોગદાન'ને આગળ વધારતા જણાવ્યું કે ભગવાન બિરસા મુંડાએ 25 વર્ષની ખૂબ જ નાની આયુમાં અંગ્રેજો, શાહુકારો અને જમીનદારો સામે આંદોલન ચલાવ્યું હતું. તે સમય એવો હતો કે અંગ્રેજોનું વિશ્વના 70% દેશો પર રાજ હતું, તેઓનો કયારે સૂર્ય અસ્ત થતો ન હતો, તેઓ વિશાળ સૈન્ય ધરાવતા હતા અને તેમનું સૈન્ય આધુનિક સસ્ત્રોથી સજ્જ હતું તેમજ તેઓ યુદ્ધની સંપૂર્ણ રણનીતિ, જ્ઞાન, પદ્ધતિ અને કૌશલ્ય જાણતા હતા, તેવા અંગ્રેજો સામે એક આદિવાસી યુવાન બિરસા મુંડા એ વિદ્રોહ કરીને આંદોલનના મંડાણ માંડ્યા હતા. અંગ્રેજો, શાહુકારો અને જમીનદારો દ્વારા આદિવાસી સમુદાયના લોકોના જળ, જમીન, જંગલ પરના અધિકારો છીનવી લેવામાં આવ્યા હતા. સાથે જ આદિવાસી સમુદાયના લોકોનું શોષણ, અન્યાય અને અત્યાચાર કરવામાં આવતો હતો. આ મુદ્દાઓ સામે લડત લડવા માટે ભગવાન બિરસા મુંડાએ આદિવાસી સમુદાયના લોકોને જાગૃત કરી સંગઠિત કરી અને આંદોલન શરૂ કર્યું હતું. બિરસા મુંડાએ અંગ્રેજો સામે વર્ષ-1899 થી 1900 દરમિયાન એક વર્ષ સુધી સતત આંદોલન ચલાવ્યું હતું. અંગ્રેજોએ આંદોલનને દબાવી દેવા માટે સૈન્ય બળનો પ્રયોગ પણ કર્યો હતો, છતાં પણ આંદોલન ઉગ્ર બનતું જતું હતુ. અંતે અંગ્રેજોએ કુટનીતિ અપનાવીને સન 1900 માં



ભગવાન બિરસા મુંડાને પકડી લઈને જેલમાં પૂરી દેવામાં આવ્યા હતા. જેલમાં બિરસા મુંડાને ખોરાક સાથે ઝેર આપી દઈને મારી નાખવામાં આવ્યા હતા. ભગવાન બિરસા મુંડાએ આદિવાસી સમુદાય પર થઈ રહેલા શોષણ, અન્યાય અને અત્યાચાર સામે અંગ્રેજો, શાહુકારો અને જમીનદારો સામે હસતા મોઢે લડતા લડતા શહીદી વહોરી હતી. આજે ભગવાન બિરસા મુંડાને ભારત દેશ અને આદિવાસી સમુદાય એક વીર યોદ્ધાની જેમ જોવે છે અને આદિવાસી સ્વતંત્ર સેનાની તરીકેની ઓળખ આપે છે.

આ ઉપરાંત જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રીએ 'મહિલા, બાળ સ્વાસ્થ્ય સંભાળ અને સિકલસ રોગ અંગે જાગૃતિ, જિલ્લા રમત ગમત અધિકારીશ્રી દ્વારા 'રમત ગમત ક્ષેત્રે કારકિર્દી માર્ગદર્શન' અને જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ 'રાજ્ય સરકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન' વિષય પર પોતાનું પ્રવચન આપ્યું હતું.



આ કાર્યક્રમમાં સ્થાનિક આદિવાસી સંસ્કૃતિ અને કળાને ઉજાગર કરતા વિવિધ આદિવાસી નૃત્યોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ નૃત્યોમાં બનાસકાંઠા જિલ્લાના ગરાસીયા ભીલો દ્વારા હોળી નૃત્ય (ઢોલ નૃત્ય) અને શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા આદિવાસી ટીમલી નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. આ નૃત્યમાં આદિવાસી પ્રદેશની વિવિધ સંસ્કૃતિ, કલા, પહેરવેશ, વાદ્ય વાજિંત્રો, નૃત્યના ચાળાઓ વગેરેના દર્શન થાય છે.



અંતમાં પ્રાંત અધિકારીશ્રી દ્વારા આ મહોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ સૌ મહાનુભાવો, મહેમાનો, સ્થાનિક આગેવાનો અને પદાધિકારીઓનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## ફોટો ગેલેરી

















**ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર**